**ન.પ્રા.શિક્ષણ સમિતિની જર્જરિત ઈમારતોના નવીનીકરણની કામગીરી ગોકળગતિએ**

# વાડીની જગદીશચંદ્ર બોઝ પ્રા.શાળાનું વિશાળ સંકુલ બિલ્ડરને આપી દેવા કારસો રચાયો હોવાના આક્ષેપ

**છ મહિના** પૂર્વે શિક્ષણ મંત્રી દ્વારા શાળાઓનું નવીનીકરણ કરવા ખાતમુહૂર્ત કરાયું હતું



(પ્રતિનિધિ) વડોદરા,તા.14

વડોદરાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની આશરે 12 જેટલી શાળાઓ જર્જરિત બની છે. 52 કરોડના ખર્ચે શાળાઓનું નવીનીકરણ કરવા શિક્ષણમંત્રી દ્વારા કરાયેલા ખાતમુહૂર્તને છ મહિના વીતી ગયા છતાં કામગીરી શરૂ કરવામાં આવી નથી. જ્યારે, વાડી વિસ્તારની જગદીશચંદ્ર બોઝ પ્રા.શાળા પીપીપી ધોરણે બિલ્ડરને આપી દેવા કારસો રચાયો હોવાના આક્ષેપ વાલી મંડળના પ્રમુખે કર્યા હતા.

વડોદરાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની 100 શાળાઓ પૈકીની 12 શાળાઓ જર્જરિત થઈ છે. બીજી તરફ વાડી વિસ્તારમાં આવેલી જગદીશચંદ્ર બોઝ પ્રાથમિક શાળાનું વિશાળ સંકુલ ખંડેર હાલતમાં જોવા મળ્યું છે. શિક્ષણ સમિતિને વિદ્યાર્થીઓના હિતમાં રસ નથી તેમ વાલી મંડળનું કેહવું છે. આટલી મોટી જગ્યા બિલ્ડરને આપી પીપીપી તરીકે વેચવાનો કારસો ઘડવામાં આવી રહ્યો હોવાના આક્ષેપ કરવામાં આવ્યા છે. વાલી મંડળના પ્રમુખ દિપક પાલકરે જણાવ્યું હતું કે, રામરાજ્ય અને પ્રજા સુખી, કાગળ પર કરોડો રૂપિયાના કામો બતાવવાના ખાત મુહૂર્ત કરવાના પણ એના પછી ફોલોપ કોણ લેશે ? આ મંત્રીઓ છે આજે છે કાલે છે નીકળી જશે પાછા નવા મંત્રીઓ આવશે. એટલે નવું બજેટ પાસ કરશે. વસ્તુ એ છે કે વડોદરા માટે તો અન્યાય થઈ જ રહ્યો છે. જ્યારે પણ કોઈ શિક્ષણ મંત્રી આવે નવું પ્રપોઝલ મૂકે પણ કામ તો થતા નથી, તો પૈસા જાય છે ક્યાં ? આવનારા દિવસોમાં આ પીપીપી મોડેલમાં નાખીને એક બિલ્ડર દ્વારા કોઈ સ્કીમ ઉભી ના થાય તો નવાઈ નહીં. અમે હંમેશા આવી બાબતે ગંભીર છે. પહેલા પણ ઘણી રજૂઆતો કરેલી છે પણ પ્રમુખ એમનું કામ કરતા હોય ઓલ્ટરનેટીવ સત્તા પર કોણ બેઠેલું છે. આખું તોડીને બિલ્ડરોના આપીને આખી મોટી ઈમારતો ઊભી કરવાનું આ એક ષડયંત્ર છે. એટલે આશા અપેક્ષા લોકો પાસે કોઈ રખાય જ નહીં.

### ડીમોલેશન થશે તેમ તેમ નવું કામ શરૂ થશે

મોટાભાગની સ્કૂલોમાં જે ડીમોલેશનનું કામ હતું. જુના બાંધકામ ઉતારવાનું એ શરૂ થઈ ગયું છે. કેટલીક શાળાઓનું કામ પૂર્ણતાને આરે છે. કુલ 16 શાળા માંથી 4માં કામ ચાલુ છે. બાકીની ત્રણેક શાળાઓમાં જુના મકાનો ઉતારવાનું કામ ચાલી રહ્યું છે. ટૂંક સમયમાં બધી જ શાળાઓ નવી નિર્માણ થઈ જશે. નવીન બાંધકામના કામો બધી જ શાળાઓના મંજૂર થઈ ગયા છે, પણ જેમ જેમ ડીમોલેશન થશે તેમ તેમ નવીન બાંધકામ શરૂ થઈ જશે.

# અલવાનાકા વિસ્તારમાંથી જુગાર પર 8 ખેલીને માંજલપુર પોલીસે ઝડપી પાડ્યાં

**માંજલપુર** પોલીસે રેડ કરી, રોકડ રકમ અને 7 મોબાઇલ મળી રૂ. 76 હજારનો મુદ્દામાલ કબજે



(પ્રતિનિધિ) વડોદરા તા.14

માંજલપુર વિસ્તારમાં આવેલા અલવાનાકા પાસેના ફ્લેટના રૂમમાં ચાલી રહેલા જુગાર પર પોલીસે દરોડ કર્યો હતો. પોલીસે રૂમમાંથી જુગાર રમાડનાર સહિત 8 ખેલીને ઝડપી પાડ્યાં હતા. પોલીસે રોકડા રૂપિયા 35 હજાર તથા 7 મોબાઈલ મળી રૂ. 76 હજારનો મુદ્દામાલ કબજે કરાયો છે.

તાજેતરમાં માંજલપુર વિસ્તારમાં આઠે જુગારીઓના પોલીસે ઝડપી પાડ્યાં હતા. દરમિયાન ફરી માંજલપુર પોલીસ સ્ટેશનની ટીમ વિસ્તારમાં પેટ્રોલીગમાં હતી. તે દરમિયાન ફરતા ફરતા અલવાનાંકા રોડ પહોંચી હતી ત્યારે બાતમી મળી હતી કે માંજલપુર અલવાનાકા રોડ એવન્યુ ફ્લેટના સી ટાવરના પાંચમા માળે ફ્લેટ નંબર 501માં રહેતા રાહુલ ગાંધી તેના મિત્રોને બહારથી બોલાવી જુગાર રમાડી રહ્યો છે. જેના આધારે પોલીસે બાતમી મુજબના સ્થળ પર રેડ કરી હતી. જેમાં મકાનમાંથી 8 જેટલા જુગારી રાહુલ અનિલ ગાંધી, પ્રકાશ અશોક શાહ, વિશાલ પ્રકાશ અધ્યારૂ, નંદકિશોર ઠાકોરલાલ શાહ, સાજીદખાન અબ્બાસખાન પઠાણ, ઈમરાનખાન ખાલીદખાન પઠાણ, રાજેશકુમાર ગણેશ પ્રજાપતી અને ગજેન્દ્ર છગનભાઈ માછી આબાદ ઝડપાઈ ગયા હતા. પોલીસ દ્વારા જુગારીની અંગજડતી કરવામાં આવી હતી અને દાવ પર લાગેલી રોકડ રકમ મળી રૂ.35 હજાર અને 7 મોબાઈલ રૂ.41 હજાર મળી રૂ. 76 હજારનો મુદામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરાઇ છે.

**આરોપીઓ ગેરકાયદે દારૂની હેરાફેરી- વેચાણ, હત્યાનો પ્રયાસ સહિત 30 ગુના અંજામ આપ્યો**

# કુખ્યાત બૂટલેગર લાલ સહિતની ગેંગ વિરુદ્ધ ગુજસીટોકનો ગુનો દાખલ કર્યો

**અન્ય** રાજ્યોમાંથી દારૂ મંગાવી અમદાવાદ, સુરત અને છોટાઉદેપર જિલ્લામાં નેટવર્ક ઉભુ કર્યું



### કોની સામે કેટલા ગુના દાખલ થયા

| આરોપીઓનું નામ | ગુનાની સંખ્યાં | મંજુર પાસા |
|---|---|---|
| રાકેશ ઉર્ફે લાલો જયસ્વાલ | 31 | 02 |
| હિતેશ ઉર્ફે પપ્પુ જયસ્વાલ | 12 | 01 |
| સચિન રાકેશ જયસ્વાલ | 05 | 01 |
| સીમા રાકેશ જયસ્વાલ | 07 | 01 |
| રાજેશ ઉર્ફે ખન્ના બારિયા | 03 | 00 |

(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરા શહેર જિલ્લા સહિતના અન્ય શહેર તથા રાજ્યોમાંથી વિદેશી દારૂનું નેટવર્ક ઉભુ કરવા સાથે હત્યાનો પ્રયાસ, જીવલેણ હુમલો, સરકારી કર્મચારી પર હુમલો, સરકારી કામમાં રુકાવટ, ખોટા દસ્તાવેજ ઉભા કરવા સહિતના વિવિધ ગુનાને સંગઠિત રીતે અંજામ આપનાર રતનપુરના કુખ્યાત બૂટલેગર સહિત પાંચ લોકોની ગેંગ વિરુદ્ધ જિલ્લા પોલીસ દ્વારા ગુજસીટોકનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

વડોદરા શહેર અને જિલ્લા પોલીસ દ્વારા વારંવાર ગંભીર પ્રકારના ગુનાને અંજામ આપતા આરોપીઓ સામે ગુજસીટોકનું હથિયાર ચલાવી રહી રહી છે. તાજેતરમાં રેલવે પોલીસે પણ ગોધરાની કુખ્યાદ સિગ્નલ ફળિયા ગેંગ વિરુદ્ધ ગુજસીટોક હેઠળ ગુનો નોંધ્યો હતો. ત્યારે વડોદરા જિલ્લા રતનપુર ગામે મોટાપાયે દારૂન ધંધો કરતો લિસ્ટેડ બુટેલગર રાકેશ ઉર્ફે લાલો રજનીકાંત જયસ્વાલ છેલ્લા ઘણા સમયથી હિતેશ ઉર્ફે પપ્પુ રજનીકાંત જયસ્વાલ, સચિન રાકેશ જયસ્વાલ સીમા રાકેશ જયસ્વાલ અને રાજેશ ઉર્ફે ખન્ના સામંદ બારિયા (રહે.હીરાબાનગર બાપોદ જકતાનાકા સામે વાઘડિયા રોડ) સાથે મળીને એક ગેંગ બનાવી હતી અને વડોદરા ગ્રામ્ય તથા અમદાવાદ, સુરત, છોટાઉદેપુર જિલ્લાઓમાંથી ગુના આચરવા માટે પોતાનું નેટવર્ક ઉભુ કર્યું હતું.

ઉપરાંત આ ગેંગ દ્વારા ગુજરાત રાજ્યમાં વગર પરમિટે ગેરકાયદે દારૂનુ વેચાણ, મારામારી, હત્યાનો કોશિશ, હથિયારોથી હુમલો, સરકારી વાહનો તથા સંપતીને નુક્સાન, મારી નાખવાની ધમકી સરકારી કામગીરીમાં રુકાવટ તથા સરકારી કર્મચારીઓ પર હુમલો, ખોટા દસ્તાવેજ બનાવવા, ગેરકાયદે જુગાર રમાડવા સહિતના ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના આચરવામાં આવતા હતા.

ઉપરાંત આ ગેંગ દ્વારા પંજાબ, હરીયાણા, રાજસ્થાન, કર્ણાટક, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ. ઉત્તરપ્રદેશ, દમણ અને હિમાચલ પ્રદેશ રાજ્યમાંથી વિદેશી દારૂ મંગાવી દારૂ બંધી હોવા છતાં ગુજરાતમાં ગેરકાયદે ઘુસાડવામાં આવતો હતો. ત્યારબાદ જથ્થાબંધ, તથા છુટક વેચાણ આ ગેંગ દ્વારા કરવામાં આવતુ હતું. પરંતુ અગાઉ પોલીસ દ્વારા દારૂ સહિતના અલગ અલગ કેસો તો કરી તેમની ધરપકડ પણ કરાઇ હતી. પરંતુ જામીન પર છુટી ગયા બાદ આરોપીઓ ફરી ગેરકાયદે ધંધો કરવા સાથે વિવિધ ગુના આચરતા હતા. જેના કારણે બુટલેગર સહિતની ગેંગ વિરુદ્ધ ગ્રામ્ય જિલ્લા પોલીસ દ્વારા વરણામા પોલીસ સ્ટેશનમાં ધી ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝ ક્રાઈમ (ગુજસીટોક) એક્ટ 2015ની કલમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

### વડોદરા રેન્જના 4 જિલ્લામાં પ્રથમવાર ગુજસીટોક એક્ટ હેઠળ પ્રથમ કેસ નોંધાયો

વડોદરા જિલ્લામાં પોલીસ દ્વારા ગેરકાયદે ચાલતી દારૂ જુગારની પ્રવૃતિઓ તથા નશીલા પદાર્થોનું છુપી રીતે વેચાણ કરનાર બૂટલેગરો, કેરીયરો તથા પેડલરો સામે ઓપરેશન પરાક્રમ હેઠળ કાર્યવાહી કરવામાં આવી રહી છે. દરમિયાન જિલ્લા પોલીસ દ્વારા વડોદરા રેન્જના ચાર જિલ્લાઓમાં બુટલેગર સહિતના સાગરીતો પર સામે ગુજસીટોક એક્ટ હેઠળ ગુનો દાખળ કરવામાં આવ્યો હોય તેવો પ્રથમ કેસ નોંધાયો છે. જેને લઇને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ગેરકાયદે પ્રવૃતિ કરતા બૂટલેગરો સહિતના લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

# વારસીયા વિસ્તારમાંથી PCBએ રૂ.2.38 લાખનો દારૂ ઝડપી પાડ્યો

**પિતાની** ધરપકડ કરાઇ, પુત્ર સહિત ત્રણલોકોને વોન્ટેડ જાહેર કર્યાં



(પ્રતિનિધિ) વડોદરા તા.14

વારસીયા વિસ્તારમાં પીસીબી પોલીસે રેડ કરીને રૂ. 2.38 લાખના વિદેશી દારૂ સાથે એક શખ્સને ઝડપી પાડ્યો હતો. જ્યારે તેના પુત્ર સહિતના ત્રણ લોકોને વોન્ટેડ જાહેર કર્યાં છે. દારૂ, રિક્ષા અને મોબાઈલ મી રૂ. 3.14 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો છે.

વડોદરા શહેરના વારસીયા વિસ્તારમાં આવેલી સંતકવર કોલોનીમાં રહેતો પ્રકાશ હોતચંદ ગંગલાણી તેના પુત્ર સાથે વિદેશી દારૂનો જથ્થો લાવ્યો છે. પિતા પુત્રે દારૂનો જથ્થો તેના ઘરમાં તથા અડધો દારૂ રિક્ષામાં ભરી મુક્યો છે. તેવી બાતમી પીસીબી પોલીસને મળી હતી. જેથી પીસીબીની ટીમે બાતમી મુજબના સ્થળ પર રેડ કરીને રૂ.2.38 લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. દારૂને વેચાણ કરનાર પ્રકાશ ગંગલાણીને વિદેશી દારૂ, રિક્ષા અને એક મોબાઈલ મળી રૂ. 3.14 લાખનો મુદ્દામાલ સાથે ઝડપી આગળની કાર્યવાહી માટે વારસીયા પોલીસને સોંપ્યો છે. જ્યારે પુત્ર વિનોદ પ્રકાશ ગંગલાણી, પ્રેમ સેવકરામ પહેલવાણી તથા દારૂનો જથ્થો આપનાર શખ્સને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યાં છે.

**વોર્ડ નં 19 માણેજા-રાજ નગરનો 'ખાડાવાળો' રોડ બન્યો ખતરનાક!**

# રાત્રે એક્ટિવા ચાલક ખાડામાં પટકાયો, ગંભીર ઈજાગ્રસ્ત: SSGHમાં ખસેડાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરા શહેરના વોર્ડ નંબર 19 માં આવેલા માણેજા ગામથી લઈને રાજ નગર સુધીના મુખ્ય માર્ગોની અત્યંત ખરાબ હાલતને કારણે રાત્રિના સમયે એક ગંભીર અકસ્માત થયો હતો. માર્ગ પરના મોટા ખાડામાં એક્ટિવા ચાલક પટકાતા તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના પગલે તેને તાત્કાલિક સારવાર માટે એસ.એસ.જી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.



પ્રાપ્ત માહિતી અનુસાર, વોર્ડ નંબર 19 હેઠળ આવતા માણેજા ગામ અને રાજ નગરને જોડતો આ માર્ગ લાંબા સમયથી જર્જરિત હાલતમાં છે. રોડ પર ઠેર ઠેર મોટા ખાડાઓ પડી ગયા છે, જેના કારણે સ્થાનિકો અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ અંગે વારંવાર તંત્રને રજૂઆતો કરવા છતાં કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી.

સોમવારની રાત્રે, એક એક્ટિવા ચાલક આ માર્ગ પરથી પસાર થઈ રહ્યો હતો. અંધારામાં રોડ પરના ઊંડા ખાડાનો અંદાજ ન આવતા તે તેમાં પટકાયો હતો. અકસ્માતમાં એક્ટિવા ચાલકને માથાના ભાગે અને શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. આસપાસના લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત યુવકને 108 એમ્બ્યુલન્સ દ્વારા તાત્કાલિક સારવાર માટે વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો.

આ ઘટનાએ ફરી એકવાર માર્ગોની ખરાબ ગુણવત્તા અને તંત્રની બેદરકારી પર સવાલો ઊભા કર્યા છે. સ્થાનિક રહીશોએ જણાવ્યું હતું કે ચોમાસાની ઋતુ બાદ આ રસ્તાઓની હાલત વધુ કફોડી બની છે અને અકસ્માત થવાનો ભય સતત સતાવી રહ્યો છે. જો તંત્ર દ્વારા વહેલી તકે આ માર્ગનું સમારકામ કરવામાં નહીં આવે તો ભવિષ્યમાં આવા વધુ ગંભીર અકસ્માતો થવાની શક્યતા છે. સ્થાનિકોએ તાત્કાલિક ધોરણે રસ્તાઓનું સમારકામ કરવાની માંગણી કરી છે.

# અટલ બ્રિજ નીચે કારમાં ભીષણ આગ ભભૂકી, ત્રણ મિત્રોનો બચાવ

**ફાયર** બ્રિગેડના જવાનોએ પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો : કાર આગમાં ખાક



(પ્રતિનિધિ) વડોદરા,તા.14

વડોદરા શહેરના અટલ બ્રિજ નીચેથી પસાર થઈ રહેલી એક સીએનજી કારમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. સત્વરે કારમાં સવાર ત્રણ યુવકો બહાર નીકળી આવતા તેમનો બચાવ થયો હતો. જોત જોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. બનાવની જાણ કરવામાં આવતા ફાયરબ્રિગેડ અને પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. જોકે આગની લપેટમાં કાર બળીને ખાક થઈ હતી.

વડોદરા શહેરના અટલ બ્રિજ નીચેથી પસાર થઈ રહેલી કારમાં અચાનક આગ લાગી હતી. જેના કારણે દોડધામ મચી ગઈ હતી. કાર ચાલકે જણાવ્યું હતું કે, ગેંડા સર્કલથી રેસકોર્સ ગાડીમાં ગેસ ભરાવવા માટે જઈ રહ્યા હતા સિગ્નલ પર ઊભા હતા. એટલામાં પેટ્રોલની સુગંધ આવી એટલે મેં મારા મિત્રને કીધું કે, આપણી ગાડીમાંથી તો નથી આવી રહીને. જેથી જોવા માટે ઉતર્યા કે અચાનક નીચેથી બ્લાસ્ટ થયો, એટલે અમે બધા ગાડીની બહાર આવી ગયા હતા. અમે ગાડીમાં ત્રણ મિત્રો હતા અને અચાનક ગાડીમાં આગ લાગી ગઈ હતી.

વડીવાડી ફાયર સ્ટેશનના સબ ફાયર ઓફિસરે જણાવ્યું હતું કે, અમને કોલ મળ્યો હતો કે ગેંડા સર્કલ પાસે એક ગાડીમાં આગ લાગી છે. જેથી સ્થળ પર આવીને તપાસ કરતા સીએનજી કાર હતી. તેમાં જે માલિક હતા તે સાથે બીજા યુવકો બહાર ઉતરી આવ્યા હતા. સદ્નસીબે કોઈ જાનહાની થઈ નથી. પાણીનો મારો ચલાવીને આગ ઉપર કાબી મેળવી લીધો હતો. આગમાં આગળના બોનેટ નો ભાગ અને અંદરની સીટો બળી ગઈ હતી.

# રાત્રિ બજારમાં 'ફૂડ સેફટી ઓન વ્હીલ્સ' દ્વારા 34 નમૂનાનું સ્થળ પર ટેસ્ટિંગ કરાયું

**84 એકમો** પર તવાઈ, મીઠાઈ-ફરસાણ સહિત 129 ખાદ્યપદાર્થોના નમૂના લેવાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરા શહેરની જાહેર જનતાના આરોગ્યની સુખાકારીને ધ્યાનમાં રાખીને, વડોદરા મહાનગરપાલિકા દ્વારા ફૂડ સેફ્ટી અને સ્વચ્છતાના કાયદાનું કડકપણે પાલન કરાવવા માટે સઘન ચેકિંગ અને નિરીક્ષણની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. મ્યુનિસિપલ કમિશનરની સૂચના મુજબ, ડેઝિગ્નેટેડ ઓફિસર અને અધિક આરોગ્ય અમલદારના માર્ગદર્શન હેઠળ ખોરાક શાખાના ફૂડ સેફ્ટી ઓફિસરોએ શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલ ખાદ્યપદાર્થોનું વેચાણ કરતા એકમો પર તપાસ કરી હતી.

આ ઝુંબેશ દરમિયાન, ઉત્પાદક પેઢી, ડિસ્ટ્રીબ્યુટર, હોલસેલર, રીટેલર, રેસ્ટોરન્ટ, ફૂડ વેન્ડીંગ એસ્ટાબ્લીસમેન્ટ, રિપેકર તેમજ દુકાનો સહિત કુલ 84 ખાદ્યપદાર્થો સાથે જોડાયેલા યુનિટોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

ખોરાક શાખાની મોબાઈલ ટેસ્ટીંગ વાન દ્વારા એલએન્ડટી સર્કલ પાસેના રાત્રી બજારમાં આવેલી રેસ્ટોરન્ટોમાં ખાસ કામગીરી કરવામાં આવી હતી. આ દરમિયાન, મરચાં પાવડર, રેડ ચટણી, પીઝા સોસ, ચીઝ, પનીર વગેરે સહિતના વિવિધ પ્રકારના 34 ખાદ્યપદાર્થોના નમૂનાઓનું સ્થળ પર જ ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું.

આ યુનિટોમાંથી ઘી, ઓરેન્જ બરફી, કેસરી બરફી, પનીર, માવો, દુધ સ્વીટ ખોયા, કેસરી પેંડા, કાજુકતરી કોટેડ વીથ સિલ્વર લીફ, કેસર બાસુંદી, મેંગો બરફી, મિલ્કકેક, બદામ શેક, બદામ પીસ્તા કેસર શેક, રસગુલ્લા, અંગુર બાસુંદી, મિલ્ક ક્રીમ, બટર, રાજભોગ, આઈસક્રીમ, કાજુ દ્રાક્ષ આઈસક્રીમ, વગેરે ખાદ્યપદાર્થોના કુલ 129 નમૂનાઓ લેવામાં આવ્યા હતા. આ તમામ નમૂનાઓને પૃથક્કરણ માટે પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે.

# પ્રતાપનગરથી કટિહાર અને જયનગર માટે અનરિઝર્વ્ડ ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન દોડાવાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરા મંડળ દ્વારા યાત્રીઓની સુવિધા તથા દિવાળી અને છઠ પૂજાના તહેવારોની સિઝન દરમિયાન તેમની યાત્રા માંગને પૂરી કરવાના હેતુથી પ્રતાપનગર-કટિહાર અને પ્રતાનગર-જયનગર સ્ટેશનો વચ્ચે વિશેષ ભાડા પર અનરિઝર્વ્ડ ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો ચલાવવામાં આવશે.

1. ટ્રેન નંબર 09123/09124 પ્રતાનગર-કટિહાર (અઠવાડિક) અનરિઝર્વ્ડ સ્પેશિયલ [04 ફેરા]

ટ્રેન નંબર 09123 પ્રતાપનગર-કટિહાર અઠવાડિક અનરિઝર્વ્ડ સ્પેશિયલ બુધવાર, 15 અને 22 ઓક્ટોબર, 2025 ના રોજ 16:30 કલાકે પ્રતાપનગરથી ઉપડશે અને શુક્રવારના રોજ 07:15 કલાકે કટિહાર પહોંચશે. આ જ રીતે, ટ્રેન નંબર 09124 કટિહાર - પ્રતાપનગર અઠવાડિક અનરિઝર્વ્ડ સ્પેશિયલ શુક્રવાર, 17 અને 24 ઓક્ટોબર, 2025 ના રોજ 11:15 કલાકે કટિહારથી ઉપડશે અને રવિવારના રોજ 02:30 કલાકે પ્રતાપનગર પહોંચશે.

આ ટ્રેન બંને દિશાઓમાં વડોદરા, છાયાપુરી, ગોધરા, દાહોદ, રતલામ, નાગદા, ઉજ્જૈન, સંત હિરદારામ નગર, બીના, કટની મુરવારા, સતના, માનિકપુર, પ્રયાગરાજ છિવકી, મિર્જાપુર, પંડિત દીન દયાલ ઉપાધ્યાય, બક્સર, આરા, દાનાપુર, પાટલિપુત્ર, સોનપુર, હાજીપુર, બરૌની અને ખગડિયા સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.

2. ટ્રેન નંબર 09151/09152 પ્રતાપનગર-જયનગર અનરિઝર્વ્ડ સ્પેશિયલ (અઠવાડિક) [04 ફેરા]

ટ્રેન નંબર 09151 પ્રતાનગર - જયનગર સ્પેશિયલ રવિવાર, 19 અને 26 ઓક્ટોબર 2025 ના રોજ 16:35 કલાકે પ્રતાપનગરથી ઉપડશે અને મંગળવારના રોજ 10:00 કલાકે જયનગર પહોંચશે. આ જ રીતે, ટ્રેન નંબર 09152 જયનગર - પ્રતાપનગર સ્પેશિયલ મંગળવાર, 21 અને 28 ઓક્ટોબર, 2025 ના રોજ 14:00 કલાકે જયનગરથી ઉપડશે અને ગુરૂવારના રોજ 05:30 કલાકે પ્રતાપનગર પહોંચશે.

આ ટ્રેન બંને દિશાઓમાં વડોદરા, છાયાપુરી, ગોધરા, દાહોદ, રતલામ, નાગદા, ઉજ્જૈન, સંત હિરદારામ નગર, બીના, કટની મુરવારા, સતના, માનિકપુર, પ્રયાગરાજ છિવકી, મિર્જાપુર, પં. દીન દયાલ ઉપાધ્યાય, બક્સર, આરા, દાનાપુર, પાટલિપુત્ર, સોનપુર, હાજીપુર, મુજફ્ફરપુર, સમસ્તીપુર, દરભંગા અને મધુબની સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.

ટ્રેનોના રોકાણ, સંરચના અને સમય અંગે વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# સુભાનપુરાના બંધ મકાનમાંથી રૂ.1.97 લાખની મતાની ચોરી

**માતા** અને પુત્ર મામાની દીકરીના જન્મ દિવસના પ્રસંગે ગયા હતા

(પ્રતિનિધિ) વડોદરા તા.14

સુભાનપુરા વિસ્તારમાં આવેલી સોસાયટીમાં રહેતા માતા અને પુત્ર મામાની દીકરીના જન્મ દિવસ નિમિત્તે ત્યાં ગયા હતા. દરમિયાન તસ્કરોએ તેમના બંધ મકાનને નિશાન બનાવ્યું હતું અને તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી રૂ.1.97 લાખની મતાની ચોરી કરીને નો દો ગ્યારાહ થઈ ગયા હતા.પાડોશીએ ચોરીની જાણકરતા પરત ઘરે આવી મહિલાએ ચોરીની ફરિયાદ નોંધાવી છે.

વડોદરા શહેરના સુભાનપુરા વિસ્તારમાં આવેલી મહેશ્વર નગર સોસાયટીમાં રહેતા અર્ચનાબેન ધીરેનભાઈ શંભુપ્રસાદ ઠાકોર 11 ઓક્ટોબરના રોજ તેમના મોટાભાઈ જીગ્નેશભાઈ ઠાકોરની દિકરીનો જન્મ દિવસ હતો. જેથી મહિલા પોતાના પુત્ર સાથે રાત્રીના સમયે મકાનના મુખ્ય દરવાજાને તાળુ મારીને ભાઈના ઘરે કારેલીબાગ વિસ્તારમાં આવેલા ખોડીયારનગર ખાતેના મકાને ગયા હતા. 12 ઓક્ટોબરના રોજ આખો દિવસ માતા અને પુત્ર ત્યાં રોકાયા હતા, દરમિયાન મોડી રાત્રીના સમયે તસ્કરોએ તેમના મકાનને નિશાન બનાવીને ફરાર થઈ ગયા હતા. જેથી પાડોશી શરદભાઈએ ફોન કરી મહિલાને તમારા ઘરના દરવાજાનું તાળુ તુટેલું છે. ચોરી થઈ હોય તેવુ લાગી રહ્યું છે. મહિલા પોતાના પુત્ર સાથે તાત્કાલિક ઘરે આવી પહોચી હતી. ત્યારબાદ બેડ રૂમમા મુકેલી તીજોરી ચેક કરતા તેમા મુકેલો સામાન બહાર અત વ્યસ્ત પડેલો હતો. ઉપરાંત ડ્રોઅરમાં મુકેલા સોના ચાંદીના દાગીના જુના લગ્નમાં કન્યાદાનમાં તથા ગીફ્ટમાં દાગીના અને રોકડા રૂપિયા 25 હજાર મળી રૂ.1.97 લાખની તસ્કરો ચોરી કરીને ફરાર થઈ ગયા હોવાનું માલુમ પડ્યું હતું. જેથી મહિલાએ ગોરવા પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ નોંધાવી છે.

**બાળકોના મૃત્યુ થયા હોવાની અફવા ફેલાતા આરોગ્ય વિભાગ મેદાનમાં આવ્યું**

# કફ સીરપ પીનારા ડભોઈ તાલુકાના બંને બાળકોનું આરોગ્ય સ્થિર : રજા અપાઈ

**જિલ્લા** આરોગ્ય તંત્ર, ઔષધ નિયમન અને પોલીસ દ્વારા તપાસ, તબીબની પૂછપરછ

(પ્રતિનિધિ) વડોદરા તા.14

કફ સીરપ પીવાના કારણે ડભોઈ તાલુકાના બે બાળકોના મૃત્યું થયા હોવાના સમાચારો જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલી તપાસ બાદ હકીકત લક્ષી સ્પષ્ટતા કરવામાં આવી છે. કફ સીરપ પીનારા બંને બાળકોની સ્થિતિ સ્થિર છે અને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા અપાઈ છે.

સિતપુરના ગામના બાળકોને બેભાન અવસ્થામાં ડભોઈની પ્રમુખ સ્વામી હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા અને તેમની પ્રારંભિક સારવાર ડોક્ટર દક્ષય મોદી દ્વારા કરવામાં આવી હતી. આ હોસ્પિટલમાં વડોદરા જિલ્લાના ડ્રગ્સ ઓફિસરોની ટીમ તાલુકા હેલ્થ ઓફિસર ડોક્ટર નીલકમલ દ્વારા મુલાકાત લઈ અને તપાસ ચાલુ કરાઈ છે. તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે બાળકો દ્વારા સુડેક્સડીએસ સિરપ જેનું ઉત્પાદન લિયોફોર ફોર્મ્યુલેશન પ્રાઈવેટ દ્વારા કરવામાં આવ્યું છે તેનું સેવન સિદ્ધપુર ગામના બાળકો દ્વારા કરાયું હતું.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો મીનાક્ષી ચૌહાણે જણાવ્યું કે, સિદ્ધપુર ગામના બે બાળકો એકની ઉંમર આશરે અઢી થી ત્રણ વર્ષ અને બીજાની ઉંમર પાંચ થી છ વર્ષ, પોતાના માતા-પિતા સાથે ખાંસી અને તાવની સારવાર માટે ગામમાં જ આવેલી ખાનગી ક્લિનિક ખાતે ગયા હતા.

ક્લિનિકના ડૉક્ટર દ્વારા બંને બાળકોને કફ સિરપ તથા દવાઓ આપ્યા બાદ બંનેને અચાનક શ્વાસ લેવામાં તકલીફ થવા લાગતાં તાત્કાલિક રીતે બંનેને પ્રમુખસ્વામી હોસ્પિટલ, ડભોઈ ખાતે ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં પીડિયાટ્રિક તબીબોની ટીમ દ્વારા તાત્કાલિક સારવાર આપવામાં આવી હતી. લગભગ 10 થી 12 કલાકની સતત સારવાર બાદ બંને બાળકો સંપૂર્ણ સ્વસ્થ થયા છે. હાલમાં બંને બાળકોની તબિયત સારી છે અને બપોર બાદ તેમને રજા અપાઈ છે.

આ ઘટના સંદર્ભે ડભોઈ પોલીસ દ્વારા સંબંધીત ખાનગી ડૉક્ટરને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. કફ સિરપનો સેમ્પલ ડભોઈ પોલીસના પીએસઆઈ દ્વારા જપ્ત કરી ફૂડ એન્ડ ડ્રગ વિભાગને સોંપવામાં આવ્યો છે. આ સેમ્પલનું પરીક્ષણ કરી જરૂરી વૈજ્ઞાનિક તપાસ હાથ ધરાશે. આ સમગ્ર ઘટનાની તપાસ માટે વડોદરા જિલ્લા આરોગ્ય ટીમ તેમજ ફૂડ એન્ડ ડ્રગ ડિપાર્ટમેન્ટની ટીમ ડભોઈ ખાતે પહોંચી ગઈ છે. તબીબી અને તકનીકી બંને સ્તરે તપાસની કાર્યવાહી ચાલુ છે.